જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or

જા.નં./મા-૨/૨૦૨૫/ 10457 તા.૩૦/૦૮/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ
સુરત.

વિષય : "Deen Dayal SPARSH Yojana" – ધોરણ 6 થી 9ના વિદ્યાર્થીઓ માટે
સંદર્ભ : Government of India, Ministry of Posts:India ,O/o Supdt. of Post offices Surat Division Surat 395001 ના પત્ર અનુસાર.

સરકારી ડાક વિભાગ, સુરત ડિવિઝન દ્વારા " Deen Dayal SPARSH Yojan"(Scholarship for Promotion of Aptitude & Research in Stamps as Hobby) શરૂ કરવામાં આવી છે.

યોજનાની વિગતો:

આ યોજના અંતર્ગત ધોરણ 6 થી 9 ના વિદ્યાર્થીઓ, જેમનું શૈક્ષણિક પ્રદર્શન સારું છે અને ફિલેટેલી (ટપાલ ટિકિટો એકત્રિત કરવાની રસપ્રવૃતિ)માં રસ ધરાવે છે, તેમને શિષ્યવૃત્તિ આપવામાં આવશે.શિષ્યવૃત્તિ ફિલેટેલી ક્વિઝ અને પ્રોજેકટના આધારે આપવામાં આવશે.

યોજનાની મુખ્ય વિશેષતાઓ

- દરેક પોસ્ટલ સર્કલમાં દર વર્ષે ૪૦ સ્કોલરશિપ આપવામાં આવશે (ધોરણ 6 થી 9 સુધી દર ધોરણમાં મહત્તમ 10 વિદ્યાર્થી).
- સ્કોલરશિપ માત્ર માન્યતા પ્રાપ્ત શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મળશે.
- સ્કોલરશિપ માટે વિદ્યાર્થી પાસે ફિલેટલી હોબી હોવી જરૂરી છે.
- સ્કોલરશિપ પસંદ થયેલ દરેક વિદ્યાર્થીને ₹6,000 પ્રતિ વર્ષ (₹500 પ્રતિ મહિનો) શિષ્યવૃત્તિ રૂપે મળશે.
- એક વર્ષ માટે સ્કોલરશિપ આપવામાં આવશે પરંતુ નિયમો પૂરા કરતાં વિદ્યાર્થી ફરીથી અરજી કરી શકશે.

અરજી પ્રક્રિયા :

અરજી ફોર્મ સિનિયર સુપરિટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસ, સુરત ડિવિઝન, સુરત – 395001 ખાતે પહોંચાડવું રહેશે.

અંરજી મોકલવાની છેલ્લી તારીખ: 10/09/2025

અરજી મોકલવાની રીત : રજીસ્ટર્ડ પોસ્ટ/સ્પીડ પોસ્ટ અથવા જાતે આપી શકાય.

ડાક વિભાગનો સંપર્ક કરતાં શાળાનું ફિલેટલી ડિપોઝિટ અકાઉન્ટ ૫૦૦ રુ. અને બાળકનું ફિલેટલી ડિપોઝિટ અકાઉન્ટ ૨૦૦ રુ.માં પોસ્ટ ઓફિસ HO મા ખોલવામાં આવે છે.

વધુ માહિતી માટે SOP નો અભ્યાસ કરવો તેમજ પોસ્ટ ઓફિસ HO નાનપુરા અને સુરત HO મહીધરપુરાનો સંપર્ક કરવો.

તમામ શાળાઓ આ યોજનાની માહિતી વિદ્યાર્થીઓ સુધી પહોંચાડે અને તેમને આ યોજનામાં ભાગ લેવા પ્રોત્સાહિત કરે.

બિડાણ :
સરકારી ડાક વિભાગ, સુરત ડિવિઝનનો પત્રની નકલ

જિલ્લાશિક્ષણાધિકારી.
સુરત,જિલ્લો-સુરત